# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હૈયા બાળીને હવે એ ગંગાજળથી ઠારે છે,
કોમી રમખાણ માટે એમને દુઃખ ભારે છે,
મારે છે સો મુશક બિલ્લી, દિલ્હી યાત્રા પહેલા,
નિર્દોશને ગળી જવા મગર આંસુ સારે છે.
(કલીન ચીટ)

## હાઈકુ

આમ આદમી
વીઆઇપીઓની કરે
ઉંઘ હરામ!

આમ જુઓ તો -
બધા નેતાઓ પણ -
છે સાંટાક્લોઝ!

## ચિંતન

*હર્તુર્યાતિ ન ગોચરં કિમપિ શં પુષ્ણાતિ યત્સર્વદા હ્યર્થિભ્યઃ પ્રતિપાદ્યમાનમનિશં પ્રાપ્નોતિ વૃદ્ધિં પરામ્ ।*
*કલ્પાન્તેષ્વપિ ન પ્રયાતિ નિધનં વિદ્યાખ્યમન્તર્ધનં યેષાં તાન્પ્રતિ માનમુંજ્ઞત નૃપાઃ કસ્તૈઃ સહ સ્પર્ધતે ॥*

ભર્તૃહરિ નીતિશતકના આ શ્લોકમાં વિદ્યા રૂપી ધનનું મહત્ત્વ દર્શાવ્યું છે :

'વિદ્યારૂપી ધન, એ એવું છે કે તે ચોરની નજરે પડતું નથી; સદાય સર્વ કોઇનું, અવર્ણનીય કલ્યાણ સાથે છે, જિજ્ઞાસુઓને આપવાથી લેનારનું અને આપનારનું બંનેનું વિદ્યાધન વૃદ્ધિ જ પામે છે, અને યુગનો અંત થાય તો પણ તેનો નાશ-વિનાશ થતો નથી-સમાપ્ત થતું નથી. આવું વિદ્યારૂપી ધન-આંતરિક રીતે જેમની પાસે છે, તેમનો-તેમની પાસે-હે રાજાઓ-સત્તાધીશો તમે અભિમાન કરવાનું છોડી દો! કારણ કે વિદ્યાવાન ધનપતિની કોઇ જ સ્પર્ધા કરી શકે નહીં - 'જ્ઞાન જ ધનનો અખૂટ ભંડાર છે.'

સામાન્ય આર્થિક રીતે સદ્ધર થનાર ધનપતિ ને ધન એકત્ર કરવામાં પરિશ્રમ-સુખ-દુઃખ-મુશ્કેલીઓ સાચું-ખોટું, ઇન્કમટેક્ષની ચોરી છૂપી કે અન્ય હીન પ્રકારના પાપ પણ કરવાં પડતા હોય છે. અન્યાયથી મેળવેલી લક્ષ્મી અનેક અધર્મ પણ કરાવે છે. કયારેક કોઇ અકસ્માતે ધનનો સર્વનાશ પણ થઇ જાય છે.

જયારે વિદ્યારૂપી ધન સાત્ત્વિક છે એ મેળવવા માટે થોડું તપ કરવું પડે છે પણ પછી કાયમી સુખ-શાંતિકર અને નિર્ભય આપનાર છે.

રાજાઓ સરકારને વિદ્વાનોનું માન-સન્માન ગૌરવ વધારવું જોઇએ. સ્પર્ધા કે ઇર્ષા ન કરવી.

## સુવિચાર

- ચલો સાથે મળી ભગવાનના વારસ બની જઇએ... શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઇએ - *ઉમાશંકર જોષી*
- જેને આંખ જોઇ શકતી નથી, જેને જીભ પારખી શકતી નથી, માત્ર હૃદય વડે જેને અનુભવી શકાય છે, જાગ્રત અંતર જ જેને જાણી શકે છે, એવું જાગ્રત અંતર ને કોઇ સહાય વિના ખુદાની પ્રાપ્તિ અવશ્ય થાય છે - *રાબીયા*
- જયાં સુધી તમે આનંદ, ભવ્યતા અને સૌંદર્ય જોઇ શકો અને તેને ચાહી શકો ત્યાં સુધી તમે યુવાન, જયાં સુધી તમારૂં મન શરીરને યુવાનીના સંદેશાઓ મોકલવી શકે છે ત્યાં સુધી તમે યુવાન - *એસ.ભટ્ટાચાર્ય*
- જે પોતાને બાળકના જેવો નાનો નિર્દોષ બનાવી દેશે તે ઇશ્વરના રાજયમાં સૌથી મોટો લેખાશે - *ઇસુ ખ્રિસ્ત*
- એક નિર્લજ જ સફળતા કરતાં એક લજ્જાયુક્ત નિષ્ફળતા હજાર દરજ્જે સારી છે- *વજુ કોટક*
- જો કુટુમ્બના દરેક સભ્ય મનોમન સંકલ્પ કરે કે અમે ઘરની બહાર એક હસતો ચહેરો અને અને ઘરની અંદર રડતો-ઝઘડતો ચહેરો ધારણ નહી કરીએ તો ત્યારે કુટુંબમાં વહેલી મોડી સુખ-શાંતિ થાય જ છે - *મોરારી બાપુ*
- હે કૃષ્ણ!! મારે તને મળવું છે પણ મારી પાસે તો ચપટી તાંદુલ પણ નથી!!- *ભીખુદાન ગઢવી*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

'ઇશ્વરે આપણને સહેતુક પૃથ્વી પર જન્મ આપી મોકલ્યા છે પણ જન્મ થતાં જ આપણે ભૂલી જઇએ છીએ અને ઘર-પરિવાર-સ્નેહ સંબંધો-સમૃદ્ધિઓ-ઇચ્છાઓ-વાસનાની માયામાં લપેટાઇ જઇએ છીએ. સંસારથી નિર્લેપ રહી-માયાના બંધનમાં બંધાયા વિના જ સંસારના કર્તવ્યો-ફરજો-ઇશ્વરે સોંપેલું કામ સમજી કરવાં જોઇએ.'

રામકૃષ્ણ પરમહંસ ઉપર મુજબ સત્સંગમાં ભક્તમંડળને 'તટસ્થભાવ' વિશે સમજાવતાં હતા. એક નિખાલસ ભક્તે પ્રશ્ન કર્યો - સંસારનો ત્યાગ કર્યા વિના-સંસારમાં રહીને માયા-મમતા છોડવી અશક્ય જ છે સ્નેહ-સંબંધો-ફરજ બધું સાંચુ જ છે એને છોડીને-કેમ રહી શકાય?

પરમહંસ કહે, 'તેન ત્યકતેન ભૂંજીથા' એ બધાં જ ભોગવો પણ મનમાં એટલી સમજ રાખવી કે આ કોઇ-કંઇ મારૂં નથી!

રામકૃષ્ણ કહે-જો, એક શેઠને ત્યાં સવારના આઠથી રાતના આઠ સુધી એક કામવાળી બાઇ વર્ષોથી આવતી. ઘરનાં સભ્ય જેવી થઇ ગઇ હતી. રસોઇ કરે-છોકરા રાખે-ખરીદી કરવા જાય-બધાંની સેવા કરે-પણ મનમાં તો એ સમજે આ મારો પરિવાર નથી - નોકરી કરે...' આ ભાવ સમજ થી આપણે સંસારમાં રહેવું જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# મારૂં તો એવું માનું છે કે દરેક શિક્ષકે વિદ્યાર્થીને સપ્તાહમાં એક વાર જ પોતાનું વિષયનું ગૃહકાર્ય યોજનાપૂર્વક આપવું જોઇએ

## ગૃહકાર્યનું ગૃહકાર્ય !

*- હર્ષદ પ્ર. શાહ*

'આદિત્ય કિરણે' મને એક ગૃહકાર્ય સોંપ્યું છે : ગૃહકાર્યનું ગૃહકાર્ય કરવાનું!

આપણે બધાં નાના હતાં ત્યારે ઘણું ગૃહકાર્ય કર્યું છે પણ આપણા ચહેરા પરનું સ્મતિ ગુમાવ્યું નહોતું. અત્યારે બાળકોને જે ગૃહકાર્ય મળે છે એ તેમના ચહેરા પરનું સ્મિત ગુમાવી દે છે એવી અનુભૂતિ આપણે કરીએ છીએ. આવું અનેક માતા-પિતાને લાગતું હશે પરંતુ તેઓ શાળા સ્તરે કે અન્યત્ર યોગ્ય રીતે રજૂ કરી શકતાં નથી. એટલે એવાં અનેક માતાપિતાની લાગણીને ધ્યાનમાં રાખી અમારૂં આ 'હોમવર્ક' થઇ રહ્યું છે. બહુ ઓછા વાલીઓ તર્કસંગત રીતે પોતાની વ્યથા શાળાનાં શિક્ષક કે આચાર્ય સમક્ષ વ્યક્ત કરી શકે છે. ઘણા વાલીઓ એક છૂપી બીકને કારણે પણ વ્યક્ત નહીં થઈ શકતા હોય કે જે એ શિક્ષકને કંઇક કહેશે તો શિક્ષકનો બાળક પ્રત્યેનો વ્યવહાર બદલાઇ જશે. એટલે છેવટે બાળકને શાળામાંથી આપેલું ગૃહકાર્ય કરાવવું કે કરી આપવું એ એક જ વિકલ્પ એમની પાસે હોય છે.

● *ગૃહકાર્ય શા માટે?*

ગૃહકાર્યનો મુખ્ય ઉદ્દેશય દૃઢીકરણનો છે. પરંતુ દૃઢીકરણ એટલે ગોખવું એમ તો નહી જ. વળી દૃઢીકરણ મૌખિક પ્રક્રિયાથી પણ સરસ રીતે થઇ શકે. વર્ગખંડમાં શિક્ષક જે વિષય ભણાવતા હોય તે જો રૂચિકર રીતે, રસપ્રદ રીતે ભણાવતો હોય તો પ્રશ્નોત્તરી દ્વારા વર્ગખંડમાં જ વિદ્યાર્થીને યાદ રહી જાય, દૃઢીકરણની વધારાની પ્રક્રિયાની જરૂર જ ન રહે. વિષયના પ્રવાહમાં અને પ્રવાહિતામાં અનુસંધાન સ્થપાય છે અને જે તે વિષયબિંદુ મગજમાં બરાબર ગોઠવાય છે. આવું થાય તે આદર્શ સ્થિતિ છે. સારો શિક્ષક આવું જરૂર કરી શકે. જો કે એવું પણ બને છે કે કેટલાકને લખવાથી જ યાદ રહે છે અને એકને એક વાતનું પુનરાવર્તન લેખિત સ્વરૂપે થાય તો સ્મૃતિમાં બેસે છે. આમ, ગૃહકાર્ય આવશ્યક તો છે જેનાથી વિદ્યાર્થીમાં દૃઢીકરણ અને વિષયનું ઊંડાણ સધાય છે.

● *ગૃહકાર્ય કેવું હોવું જોઇએ ?*

ગૃહકાર્ય એવું ને એટલું હોવું જોઇએ જે વિદ્યાર્થી આનંદપૂર્વક કરી શકે. ગૃહકાર્ય સજારૂપે તો કયારેય ન આપવું. એવી પ્રક્રિયા વિકાસ અને વિકૃતિ સર્જે છે. વિદ્યાર્થીના મનમાં શિક્ષક પ્રત્યે અરૂચિ કે પૂર્વગ્રહ નિર્માણ થાય એ જરા પણ ઇચ્છવા યોગ્ય નથી. શિક્ષક ગૃહકાર્ય આપે ત્યારે એનો ઉદ્દેશ્ય શિક્ષકના મનમાં જેટલો સ્પષ્ટ હોય, તેટલો જ જો એ વિદ્યાર્થીના મનમાં સ્પષઅટ હોય તો બહુ સરસ! એવું થાય તો શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે અંતર નહીં પડે.

વળી, દરેક વિદ્યાર્થીની ગ્રહણ ક્ષમતા જુદી જુદી હોય છે. તેને પારખીને દરેકને અલગ અલગ રીતે ગુણવત્તાસભર અને મનોવૈજ્ઞાનિક રીતે ગૃહકાર્ય આપવું જોઇએ. કોઇ વિદ્યાર્થી એક મુદ્દો પાંચ વાર લખવાથી યાદ રાખી શકે તો કોઇ દસ વાર લખવાથી.

ચોથું ધોરણ ભણાવતી એક શિક્ષિકાએ શાળા છૂટ્યા પછી બે વિદ્યાર્થીઓને શિક્ષા કરવા વર્ગમાં રોક્યા અને એમને પોતાનું નામ સો વાર લખવાનું કહ્યું. એક વિદ્યાર્થીનું કામ ઝડપથી પુરૂં થઇ ગયું. બીજાને બહુ વાર લાગી. શિક્ષિકાએ એ વિદ્યાર્થીને ખખડાવ્યો અને પૂછ્યું, "આટલી બધી વાર કેમ લાગે છે?" ત્યારે રડસમ ચહેરે એ બાળકે કહ્યું, "દીદી! એનું રામ 'રામકુમાર દવે' હતું જયારે મારૂં નામ 'મહાલક્ષ્મીનારાયણ શિવરામકૃષ્ણન્ વચ્છરાજન' છે. મને વાર ન લાગે..." ... અને એની આંખમાંથી બે આંસુ ટપકી પડ્યા.

શું આવું ગૃહકાર્ય કે આવી શિક્ષા ઊચિત છે? જેની ફળશ્રુતિ જડતા ઉપડાવે એવું ગૃહકાર્ય ધૃણિત છે, અનેપક્ષિત છે. ગૃહકાર્ય અને વિદ્યાર્થીનો બહુ નજીકનો સંબધ છે પણ એનું લક્ષ્ય વિદ્યાર્થીના વિકાસનું જ હોવું ઘટે.

વર્ગમાં દાખલ થતાં જ ઢીલાઢફ થયેલા એક નાના બાળકે શિક્ષકને પૂછ્યું, "સાહેબ, જો કંઇ ન કર્યું હોય તો ય મને સજા થાય ?"

શિક્ષકે વહાલથી કહ્યું, "ના બેટા, ન થાય."

"સાહેબ!" નિરાંતનો શ્વાસ લઇને એ બાળકે કહ્યું, "મેં આજે મારૂં ઘરકામ નથી કર્યું!"

એક જ વાત વારંવાર લખવા આપી દેવાથી તો શિક્ષાત્મક ભાવ જાગે છે. જે બાબત વિદ્યાર્થીને ન આવતી હોય તે કોઇ બીજા સ્વરૂપે, બીજા શબ્દોમાં લખીને લાવવાનું કહેવાથી કે શોધી લાવવાનું કહેવાથી ન આવડતી વાત વિદ્યાર્થીને આવડી પણ જાય... પરંતુ આ બાબત શિક્ષકની કલ્પકતા પર અવલંબે છે. એક જ વાતને ૩૬૦° થી સમજી શકાય છે પણ એ શિક્ષકે પહેલાં સમજવી જોઇએ.

વળી ગૃહકાર્ય કોઇ વિશેષ Project સ્વરૂપે પણ આપી શકાય. અને આ માટે શિક્ષકે પોતે સારી રીતે ગૃહકાર્ય કરવું જોઇએ અને અધ્યયન દ્વારા જ્ઞાનના સીમાડા વિસ્તારવા જોઇએ.

● *ગૃહકાર્ય સંતુલનમાં શિક્ષકોની ભૂમિકા*

ઘણી વાર એવું બને છે કે દરેક વિષય-શિક્ષક પોતપોતાના વિષયનું 'આદર્શ (!)' ગૃહકાર્ય આપે છે અને એ, વિદ્યાર્થીઓ નિયમ સમયાં કરીને લાવે જ એવો આગ્રહ સેવે છે. ગૃહકાર્ય આપનાર શિક્ષકો ૭ અને ગૃહકાર્ય કરનાર એક. આમ વિદ્યાર્થી શાળામાં ભણે તે સમય, ટ્યૂશનમાં ગૃહકાર્ય કરે તે સમય જોડીએ તો બાળક ભણવા માટે ભગીરથ પ્રયાસ અને પુરૂષાર્થ કરતો જણાય. અને છેવટે તો આ બધી પ્રક્રિયા 'ભણતરના ભાર'માં પરિણમે છે.

માટે, મારૂં તો એવું માનું છે કે દરેક શિક્ષકે વિદ્યાર્થીને સપ્તાહમાં એક વાર જ પોતાનું વિષયનું ગૃહકાર્ય યોજનાપૂર્વક આપવું જોઇએ. ગૃહકાર્યનું આ સંતુલન ખૂબ જરૂરી છે. ગૃહકાર્ય સજારૂપે તો ન જ અપાય એ ઇચ્છનીય છે. Homework Should be a pleasure and not the punisment.

● *ગૃહકાર્ય ટાળી પણ શકાય...*

આ વાત ઘણી અગત્યની અને પાયાની છે. આટલું કરવામાં આવે તો ગૃહકાર્ય ટાળી પણ શકાય -

(૧) શિક્ષક વિષયને અત્યંત રસપ્રદ બનાવે તો વિદ્યાર્થીને ગોખવાની જરૂર જ ન પડે. સહજપણે યાદ રહી જાય.

(૨) શિક્ષક જો વિષયને ક્રિયા અને અનુભવ આધારિત બનાવી શકે તો વિદ્યાર્થીઓની સહભાગિતા વધે અને પુનરાવર્તન - દૃઢીકરણ-ગૃહકાર્ય વગેરે બધું સમગ્રતાથી અને સાથે સાથે જ થઇ જાય. એના માટે અલગ સમય ફાળવવાની જરૂર ન પડે.

(૩) વિદ્યાર્થીઓને પ્રકૃતિ સાથે જોડીને શિક્ષણ આપવાથી પણ શિક્ષણ અસરકારક બને છે અને સરળતાથી ગ્રાહ્ય બને છે.

(૪) ધ્યાન અને પ્રાણાયામ કરાવવાથી પણ વિદ્યાર્થીઓની એકાગ્રતા વધે છે અને વિષયબિંદુ એક જ વાર લખવાથી કે સાંભળવાથી યાદ રહી જાય છે. સ્વામી વિવેકાનંદનો આદર્શ આપણી સામે છે.

(૫) ગૃહકાર્ય ચીલાચાલુ ઢભથી લખીને કરવાને બદલે જો પરિવારજનો સાથે કેટલાક વિષયોની સમૂહચર્ચા કરવાનું ગૃહકાર્ય આપવામાં આવે તો પરિવારજનોનો સંવાદ અને શિક્ષણ બંને પ્રવૃત્તિ સાથે થઇ શકે છે.

આમ 'ગૃહકાર્ય' એક અત્યંત મહત્ત્વનો અને સંશોધનનો વિષય છે. વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં આપણે એની વ્યવસ્થા ગોઠવીશું તો મોટું કલ્યાણકારી કાર્ય થશે.

# ...તમે મારા પતિને લઇ જાવ અને આ યુવકને જીવનદાન આપો, સાવિત્રીએ યમરાજ પાસે પડેલા યુવકને બતાવતાં કહ્યું, આ સાંભળી યમરાજની સાથોસાથ તેના પાડાને પણ આશ્ચર્ય થયું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

*સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'*

ગાંધીનગર સાહિત્ય સભાના અગ્રણી અને કારોબારી સભ્ય સુરેશભાઇ પ્રા. ભટ્ટ (સુપ્રભાતમ્)ના અમૃત પર્વની ઉજવણીનો કાર્યક્રમ આરજો બરોરે ૩.૩૦ વાગ્યાથી ગાંધીનગર ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે યોજાયો છે.

આ અમૃત પર્વ ઉજવણી કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે જાણીતા સાહિત્યકાર હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર અને અતિથિ વિશેષ કૃષ્ણકાન્ત જહા (તંત્રી - ગાંધીનગર સમાચાર) ઉપસ્થિત રહેનાર છે.

આ પ્રસંગે 'વર્તમાન ચરિતમાં રામચરિત માનસની મહત્તા' વિષય અંગે જાણીતા કેળવણીકાર લેખક ડો. રશ્મિકાન્ત મહેતા અને લેખક કેળવણીકાર ડો. ભદ્રાયુ વચ્છરાજાની વ્યક્વ્ય આપશે. તે સાથે ભક્તિગીત-સંગીત સમારોહનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત 'રામ માં ગુણ-ગાન કરીએ...' શિર્ષકથી ગુજરાતના જાણીતા સંગીતકાર અમીત ઠક્કર ગાયકો દિપ્તી દેસાઇ અને હસમુખ પાટડિયા ભક્તિરસની લ્હાણ કરાવશે. તેમજ સુરેશભાઇ પ્રા. ભટ્ટના સુપ્રભાતમ્ શ્રેણીમાં બે પુસ્તકો 'આશકા' અને 'ઘંટારવ' નું લોકાર્પણ કરાવામાં આવશે.

૧૯૩૮ ની ૨૮મી ડિસેમ્બરે ભૂજ-કચ્છમાં જન્મેલા સુરેશભાઇ એ ટૂંકી વાર્તા, રેડિયો, નાટકો, કાવ્યો, ગઝલો, મુક્તકો ઉપરાંત ૧૦૦ થી વધુ ટી.વી. ના શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ કર્યું છે. તેમણે લખેલી ટેલિફિલ્મ 'મુંઝારો' ખુબ વખણાઇ હતી. છેલ્લા ૧૭ વર્ષથી 'સુપ્રભાતમ્' નામે કટાર લેખન તેઓ 'ગાંધીનગર સમાચાર'માં કરતા રહ્યાં છે. તેના સ્વરૂપે અત્યાર સુધીમાં તેમનાં છ જેટલાં પુસ્તકો જેમ કે - સુપ્રભાતમ્, બિલીપત્ર, અક્ષત, પૂજન, ત્રિપુંડ, શ્રીપર્ણી વિગેરે પ્રગટ થયેલ છે તેઓ તેમના આયુષ્યના નિરોગી, નિયમિત અને સંયમિત ૭૫ વર્ષ પૂર્ણ કરે છે. ત્યારે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઇ ભટ્ટ, મંત્રી નટવર હેડાઉ, ઉપપ્રમુખ ભરત કવિ 'ઉર્મિલ' કોષાધ્યક્ષ સુમંતભાઇ શાહ તેમજ સૌ કારોબારી સભ્યો અને સહૃદયી મિત્રો હાર્દિક શુભેચ્છા પાઠવી છે.

★ સર્જન કરનારાઓ અવારનવાર નિયમિતપણે મળતા રહે તે માટે નવસર્જકોને એક નાનકડો પણ પ્રેરણાદાયી અને માર્ગદર્શક મંચ પૂરો પાડવાના ઉદ્દેશ્યથી સયાજી વૈભવ પુસ્તકાલય અને નરેન્દ્ર હિરાલાલ પારેખ જ્ઞાનધામ નવસારીએ 'ગુરુ મિલન' નામની સર્જકોના પખવાડિય નિયમિત મિલનની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો છે. આપણે ત્યાં પણ સેક્ટર-૨૧ અને ૧૭માં પુસ્તકાલયો આવેલા છે તેમાં આવી પ્રવૃત્તિઓ વિકસાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

★ ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે દર્શક જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સ્નાતક - અનુસ્તાનક અને સાહિત્ય રસિકો માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં (૧) લોકશાહી વિચારક દર્શક (૨) નવલકથાકાર દર્શક (૩) કેળવણીકાર દર્શક (૪) દર્શકનું સમાજ ચિંતન એ વિષયમાંથી કોઇ પણ એક વિષય પર, ૪૦૦૦ શબ્દોની મર્યાદામાં ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં નિબંધ લખી મોડામાં મોડો ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીમાં મંત્રીશ્રી, ગુજરાત સાહિત્ય સભા C/o ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩ ને મોકલી આપવાનો રહેશે. આમાં ૨૫૦૦ રૂપિયાનું પ્રથમ પારિતોષિક, ૧૫૦૦ રૂપિયાનું દ્વિતીય પારિતોષિક અને ૭૦૦ રૂપિયાનું તૃતિય પારિતોષિક તથા ૫૦૦ રૂપિયાનાં પાંચ પ્રોત્સાહક પારિતોષિકો યોગ્ય નિબંધોને આપવામાં આવનાર છે.

★ સંસ્કૃતના વિદ્વાન ડો. મણિભાઇ ઇ. પ્રજાપતિના ૭૫ વર્ષ નિમિત્તે મહેસાણાના કમળાબા હોલમાં અમૃતપર્વ અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો. આ પ્રસંગે તેમના ત્રણ સંસ્કૃત પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું. દંતાલીના સ્વમી સચ્ચિદાનંદજી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હેમાક્ષી રાવની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં સારસ્વત વિશેષ તરીકે સિતાંશુ યશચંદ્ર, કુલિનચંદ્ર યાજ્ઞિક, સોમનાથ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં કુલપતિ ડો. વી. કુટુંબશાસ્ત્રી વિગેરેએ હાજરી આપી હતી.

***કથાસેતુ***

***આધુનિક સાવિત્રી***

સાવિત્રી જંગલમાં ફરવા નીકળી હતી. પતિથી નારાજ હતી. તેણે જોયું કે જંગલમાં યમરાજ એક શરીરને દોરડાંથી બાંધીને ખેંચતા યમલોક તરફ જાય છે. સાવિત્રી દોડીને તેમની સામે આવી ઊભા રહી ગઇ.

'દીકરી તારે શું જોઇએ? મારો પીછો શું કામ કરે છે' યમરાજાએ પાડાને રોક્યો.

યમરાજ પાસે એક સુંદર યુવકનું સબ હતું. સાવિત્રી તેની સામે જોતી ઊભી રહી. યમરાજ ઉતાવળમાં હતા. તે ચાલવા લાગ્યા. સાવિત્રી ફરી તેની પાછળ ગઇ.

યમરાજ પાડા પરથી ઉતરીને તેની પાસે આવ્યા.

'બેટા, તારે શું જોઇએ? આ રીતે મારો પીછો ન કર.'

'હું જે માંગુ તે આપશો?' યમરાજની આંખમાં આંખ પહોવતાં સાવિત્રીએ પુછ્યું.

'એવું કેમ પૂછે છે, તું જે માગીશ તે આપીશ.'

'આ તો આજકાલ નેતાઓ એવું કરે છે કે વોટ લીધા પછી તેમણે આપેલા વચન ભૂલી જાય છે. તો તમે પણ...'

'ના... ના... એવું નહીં થાય.'

'યમરાજ, મારાં લગ્ન થયે હજુ બાર દિવસ માંડ થયા છે. પણ હું મારા પતિથી કંટાળી ગઇ છું. તમે મારા પતિને લઇ જાવ. અને આ યુવકને જીવનદાન આપો.' સાવિત્રીએ યમરાજ પાસે પડેલા યુવકને બતાવતાં કહ્યું.

આ સાંભળી યમરાજની સાથોસાથ તેના પાડાને પણ આશ્ચર્ય થયું.

**- નટવર હેડાઉ**

***કાવ્ય સેતુ***

***બાંધવગઢ અભયારણ્ય***

સાંજનો પીપચટ્ટો તડકો, વાંસ વનની આરપાર.
જાણે વાંસ થવા વાઘ, ને વાઘ થયા વાંસ
પવન જરી કાંપે, ને ખખડે સૂકાં વાંસ
ચમકે ચિત્તલના કાન, ફાટે આંખ.
ખરી પછાડી પૂંછ હલાવી, બૂમ પાડી
દોડે માદાઓ પાછળ, બાળચિત્તલ
પૂંછ ઉછાળતાં જાય ઠેકતાં, ટોળા પાછળ પાછળ
એકલ એકાદા પર પેડ, વાઘની ત્રાડ.
એકલી બેઠી શમા, ગાય સંધ્યાનાં ગાન
ઘડી ભરમાં તો, ઘોર અંધારામાં બુકાની પહેરી
બંધૂકો તાકી, ઘેરી લે અભયારણ્યને
વન કુટિરોમાં ફૂટે, બિયરમાં મદહોશ ઝરણ
વાઘ આવી જાય
લપ્ લપ્ પીવા કદીક.

**- પ્રવીણ ગઢવી**

# ઇશ્વર સુધી પહોંચાડે એ પ્રેમ

## અક્ષયપાત્ર

*- બકુલ દવે*

*પ્રેમ-પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન ચીન્હૈ કોય ।*
*જા મારગ સાહિબ મિલે, પ્રેમ કહાવે સોય ॥*

*- કબીર*

કબીર હે છે કે 'પ્રેમ' શબ્દ બોલવામાં ખૂબ સહેલો છે. એટલે પ્રેમપ્રેમ એવું સૌ બોલે છે. પરંતુ ખરેખર પ્રેમ શું છે તે એ જાણતા નથી. સાચો પ્રેમ તો એ છે, જેના દ્વારા સાહિબ (ઈશ્વર) પ્રાપ્ત થાય છે. સાચી વાત એ છે કે છીછરી સમજના કારણે 'પ્રેમ' શબ્દના હાર્દ સુધી આપણે પહોંચી શકયા નથી. એને ઘસાયેલા ચલણી સિક્કા જેવો બનાવી દીધો છે. પ્રેમ શબ્દ કરતાં વધુ અવમૂલ્યન અન્ય કોઈ શબ્દનું ભાગ્યે જ થયું છે. પુરુષ અને સ્ત્રી એકબીજા તરફ શારીરિક આકર્ષણ અનુભવે - એકમેક તરફ ખેંચાય ને પછી મોહની પરિસ્થિતિ સર્જાય એને પણ આપણે પ્રેમનું નામ આપી દીધું છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર પાસે એક યુવક અને યુવતી આવ્યાં, 'ગુરુદેવ અમે પ્રેમમાં પડ્યા છીએ.'

રવીન્દ્રનાથના ચહેરા પર સ્મિત પ્રગટ્યું. એમણે કહ્યું, 'પ્રેમ કદીયે પાડે નહીં, ઉપર ઉઠાવે, તારે, ઊર્ધ્વગામી બનાવે.'


કબીર આ પ્રેમની વાત કરે છે જે ઉપર ઉઠાવી આત્માનું પરમાત્મા સાથે જોડાણ કરી આપે. કબીર તો આગળ વધી એમ પણ કહે છે. વેદો-પુરાણો અને ઉપનિષદો વાંચવાની કંઈ જ જરૂર નથી. કારણ કે,

*પોથી પઢપઢ જગ મુઆ, પંડિત હુઆ ન કોય ।*
*ઢાઈ અખર પ્રેમ કા, પઢૈ સો પંડિત હોય ॥*

કશું વાંચવાની જરૂર નથી, માત્ર ઈશ્વરને પ્રેમ કરો, કબીર કહે છે. ધીરજ સબૂરીથી પ્રેમ કરતા રહેવાથી નિશ્ચિતપણે પરમને પામી શકાય છે.

***સાહિબ મિલતા હૈ સબૂરી મેં ॥***

પુરુષ અને સ્ત્રી એકબીજાને ચાહે છે. બંને એકબીજાથી કોઈ કારણસર અલગ થઈ જાય છે. ત્યારે વિરહની પીડા અને શોક અનુભવે છે. સત્ય એ છે કે પ્રેમને અદ્વૈત સાથે, એકબીજામાં ઓગળી જવા સાથે સંબંધ છે. જેથી જુદાપણાની- અલગ પડી જવાની પીડા અનુભવાય છે. તે પ્રેમ નથી. એ મોહ છે. પ્રેમમાં પારદર્શકતા છે. મોહ આંધળો છે. પ્રેમ નિઃસ્વાર્થ છે એટલે એમાં કશું ગુમાવી દેવાનો પ્રશ્ન કે એની સાથે જોડાયેલી પીડા નથી. મોહમાં સ્વાર્થ છે, માલિકીપણું છે એટલે એની સાથે પીડા છે, શોક છે.



બે આત્માનું મિલન પ્રેમ છે. નહીં કે બે શરીર વચ્ચેનું આકર્ષણ. સુરદાસે સ્ત્રી તરફ ખેંચાઈ મોહ અનુભવ્યો. મોહભંગ થયા ને દુઃખી થયા. તે પછી એમણે આંખો ગુમાવી ને સાચી દૃષ્ટિ- દિવ્ય દૃષ્ટિ લાધી. ચહેરા પર બે આંખો છએ તે આંતરચક્ષુમાં એટલો તફાવત છે જેટલો મોહ અને પ્રેમમાં છે. ચર્મચક્ષુ થકી થતાં ઈન્દ્રિયગત અનુભવો બહિમુર્ખ બનાવે છે અને આંતરચક્ષુ દ્વારા થતી અનુભૂતિઓ સૂક્ષ્મનો સાક્ષાત્કાર કરાવે તેવી સક્ષમ હોય છે. મોહ શબ્દ માયાવી છે. પ્રેમમાં નિર્મળતા છે. મોહમાં તૃષ્ણા, આશા, ઈચ્છા, અપેક્ષા અને માલિકી એ સર્વ નિહિત છે. મોહ છે ત્યાં સુધી આ બધું જ છે.

કબીર સાહેબની એક સાખી સાથે આ લેખ પૂરો કરું.

*માયા મુઈ ન મન મુઆ, મરિ મરિ ગયા શરીર ।*
*આશા તૃષ્ણા ના મુઈ, યૌં કથિ કહૈં કબીર ॥*